# IPO બાદ ઉજ્જિવનમાં વિદેશી હિસ્સો ઘટશે

**કોલકાતા:** માઈક્રોફાઈનાન્સ કંપની ઉજ્જિવન ફાઈનાન્શિયલ સર્વિસિસ ગુરુવારે ₹૮૮૦ કરોડના IPO મારફતે શેરબજારમાં પ્રવેશી રહી છે જેનાથી કંપનીમાં વિદેશી હિસ્સો ઘટીને ૪૫ ટકા થઈ જશે કારણ કે તેના બે વિદેશી હિસ્સેધારકો મોરિશિયસ યુનિટસ કોર્પ (MUC) અને WCP હોલ્ડિંગ્સ III આ IPOમાં તેમનો સંપૂર્ણ હિસ્સો વેચશે. નિયમ મુજબ, નાની બેન્કમાં વિદેશી હિસ્સો ૪૯ ટકાથી ઓછો હોવો જરૂરી છે. પ્રિ-IPO પ્લેસમેન્ટ બાદ ફોરેન હોલ્ડિંગ ઘટીને ૭૭ ટકા થયું હતું અને હવે IPOથી તે વધુ ઘટીને ૪૪-૪૫ ટકા થશે એમ ઉજ્જિવનના MD અને CEO સમિત ઘોષે કહ્યું હતું. ઉજ્જિવન ફાઈનાન્શિયલ દ્વારા પ્રમોટ કરવામાં આવેલી ઉજ્જિવન સ્મોલ બેન્ક જાન્યુઆરી-એપ્રિલ ૨૦૧૭માં લોન્ચ થશે. કંપનીનો સંપૂર્ણ બિઝનેસ બેન્કમાં આવી જશે.